જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૨/૨૦૧૮ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૫૦૬/૧૮

**નારોલ સર્કલ ખાતે આવેલ એન.કે.વેરહાઉસ કોમ્પ્લેક્ષના ત્રીજામાળે આવેલ ઓફીસમાં આંક ફરક ના આંક સટ્ટો રમતા આઠ ઇસમોને જુગાર રમવાના સાધનો સાથે કુલ્લે રૂપિયા-૧,૭૭,૭૫૦/- નો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ**

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિ. શ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી "કે"" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર આર.એ.જાદવ તથા પો.સ.ઈ જે.બી.રાઠોડ તથા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ એ.જી.બ્રિદ તથા સાથેના મ.સ.ઈ.મફતસિંહ ગફુરસિંહ તથા પો.કો. વિજયસિંહ લાખુભા તથા અ.વુ.પો.કો માયાબેન ભગવાનદાસ તથા પો.કો.રોહીતસિંહ રામસંગજી તથા અ.પો.કો.યોગીરાજસિંહ સુખદેવસિંહ નાઓ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા જે દરમ્યાન ફરતા-ફરતા કલાક- ૨૧/૧૫ વાગે નારોલ પોલીસ સ્ટેશન પાસે આવતા સાથેના પો.કો.રોહીતસિંહ રામસંગજી તથા અ.પો.કો.યોગીરાજસિંહ સુખદેવસિંહ નાઓને ખાનગી બાતમીદારથી મળેલ બાતમી હકીકત મળેલ કે નારોલ સર્કલ પાસે આવેલ એન.કે.વેરહાઉસના ત્રીજા માળે ઓફીસમાં હકીમખાન ગુલશાનખાન (વકીલ) રહે-મનુભાઇની ચાલી ગોમતીપુર અમદાવાદ નાનો પોતે પોતાના આર્થીક ફાયદા સારૂ ઉપરોક્ત ઓફીસમાં પોતાના કેટલાંક માણસો રાખી બોમ્બે વરલી મટકાનો આંખ ફરખના આંખ સટ્ટા બેટીગના આંકડાઓ લઇ તેનો પોતાના માણસો દ્વારા કોમ્પ્યુટરમાં તેમજ હાથથી લખી કોઠો બનાવી ગ્રાહકોને આંકડા પેટે જુગાર રમી રમાડે છે અને જે પ્રવુતી હાલમાં ચાલુ છે જે બાતમી હકીકત અમોને જણાવતા અમોએ આપ શ્રીને જણાવતા આપ સાહેબે સદર જુગાર રેડ કરવા બાબતે ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ નાઓ કચેરી ખાતેથી જુગારધારા કલમ ૬ મુજબ વોરંટ મેળવી સદર જગ્યાએ રેડ કરતા આરોપી મહેશ રમણલાલ પ્રજાપતિ રહે ૨૪૧ ધાસીરામની પોળ સારંગપુર અમદાવાદ +૭ તથા વોન્ટેડ આરોપી હકીમખાન ગુલશાનખાન (વકીલ)રહે –મનુભાઇ ની ચાલી ગોમતીપુર નાઓએ મોબાઇલ ફોન નંગ-૧૮ કીરૂ.૩૯૦૦૦/- તથા વાહન નંગ-૦૨ રૂ.૪૫૦૦૦/- તથા રોકડ રૂ-૨૩૭૫૦ તથા કોમ્પ્યુટર લેપટોપ સીપીયુ વાયરો સટ્ટા સ્લીપ તથા બનાવેલ જુગારના કોઠાના સાધનો મળી કુલ્લે રૂ.૧૭૭૭૫૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે પકડેલ હોય જે બાબતે નારોલ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૨૩૨૫૦/૨૦૧૮ ધી જુગાર ધારા કલમ.૪,૫ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# <u>છેલ્લા દસ વર્ષથી અપહરણના ગુનામા નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી રામોલ પોલીસ અમદાવાદ શહેર</u>

મહેરબાન પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "આઇ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી હાલમાં નાસ્તા ફરતા આરોપીઓ પકડવાની ડ્રાઇવ રાખેલ હોય જે ડ્રાઇવ આધારે અમોએ નાસ્તા ફરતા આરોપીઓ પકડવા સારૂ જુદી-જુદી ટીમો બનાવેલ જેમાં સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલાં તથા હે.કો વિજયસિંહ પર્વતસિંહ બનં.૯૭૮૨ તથા પો.કો ચિરાગભાઇ ભુપતભાઇ બનં.૧૫૩૫ નાઓને રાજસ્થાન ખાતે આરોપીઓ પકડવા સારૂ મોકલેલ જેઓએ તપાસ દરમ્યાન આરોપીની વોચમાં રહી <u>રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૫૦૦/૨૦૦૮</u> ધી ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬ મુજબના ગુનાના કામે નાસ્તો-ફરતો આરોપી <u>પ્રભુભાઇ સુરસંગ બારૈયા રહે. ગામ.ગુંદી ભોસળશા તા.કુશળગઢ જી.બાસવાડા રાજસ્થાન</u> નાનો મળી આવતા રામોલ પો.સ્ટેશન ખાતે લાવી ઉપરોકત ગુનાના કામે પકડી અટક છે

આમ છેલ્લા દસ વર્ષથી અપહરણના ગુનામા નાસ્તા ફરતા આરોપીને પકડી સારી કામગીરી કરેલ છે તા.૨૫/૧૨/૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.